## જન્મદિને વધામણી



ચંદ્રેશ ગાંધી
શ્રી જય અંબે પરિવાર



કેવલ ગજ્જર
એ.એફ.એસ. વોલેન્ટીયર
મો. ૮૮૬૬૦ ૦૯૫૮૯



હીર વિનય ડોબરીયા

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

**- સંપાદક**

# આજે બુધના સંક્રમણની અદ્ભૂત ખગોળીળ ઘટના

ગાંધીનગર, તા.૮

આવતીકાલ આપણા માટે બુધ સાથે મળવાનો દિવસ હશે. આ અવિસ્મરણીય ઘટના, છેલ્લા નવેમ્બર ૮, ૨૦૦૬ના રોજ જોવા મળ્યું હતું. માટે અત્યારથી જ તૈયાર થઈ જાવ આ મહત્ત્વની ઘટનાને જોવા માટે. બુધનું સંક્રમણ દરેક શતાબ્દીમાં ૧૩ વાર થાય છે. તેથી જ, આ એક જવલ્લે જ જોવા મળતી ઐતિહાસિક ઘટના છે. જે આપણા માટે ઉત્તેજના અને જિજ્ઞાસાની વાત છે. ગુજરાત સાયન્સ સિટીમાં આ અદ્ભૂત ઘટના નિહાળવા માટે ફ્રી એન્ટ્રી રહેશે.

તથા વિશેષમાં જણાવે છે કે ભારત, ગુજરાત અને સંક્રમણનો બહુ જુનો સંબંધ છે... હીકકતમાં બુધનાં સંક્રમણનું ટેલિસ્કોપ દ્વારા અવલોકન ફ્રાંસના ફિલોસોફર, ગણિતશાસ્ત્રી, પાદરી અને ખગોળવિજ્ઞાની પિયર ગાર્સીડીએ વર્ષ ૧૬૫૧માં ૭મી નવેમ્બરનાં રોજ સુરત ખાતે કર્યો હતો.

હવે પછી, બીજું બુધનું સંક્રમણ ૧૧ નવેમ્બર, ૨૦૧૯ અને ૧૩ નવેમ્બર ૨૦૩૨ ના રોજ આકાર લેશે. વધારે શું, ઐ ઐતિહાસિક ખગોળીય ઘટના છે. આ અનોખી ઘટનામાં દિવસે સૂર્યની સપાટી પરથી બુધ ગ્રહ એક ગાળા ટપકાંની જેમ પસાર જોવા મળશે. તેને





બુધનું સંક્રમણની ઘટના કહે છે. ૯ મે એ થનાર આ ઘટના સાંજે ૪.૩૦ થી ૭.૧૧ સુધી જોઈ શકાશે. આ ઘટનાને નરી આંખે જોવી નહીં કારણ કે તેનાથી આંખને નુકશાન થઈ શકે છે. ટેલિસ્કોપની મદદથી સૂર્યની ઈમેજને જોઈ શકાશે. આ સંક્રમણને નરી આંખે ન નિહાળવા યોગ્ય સોલર ફિલ્ટરનો ઉપયોગ કરવો.

વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગના ગુજરાત સાયન્સ સિટી અને ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજીએ વૈજ્ઞાનિક અને ખગોળીય ઘટનાના અવલોકન કરવા અને નિહાળવા માટે કાર્યક્રમનું આયોજન કરેલ છે.

ગુજરાત સાયન્સ સિટીમાં આ ઐતિહાસિક ખગોળીય ઘટનાને જોવા માટે ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે. આ દિવસે વિજ્ઞાનના શિક્ષકો, કોમ્યુનિકેટરો તેમજ એમેચ્યોર એસ્ટ્રોનોટ્સ માટે વર્કશોપ, વિદ્યાર્થીઓનો વૈજ્ઞાનિકો સાથે વિચાર અને હેન્ડસ-ઓન પ્રવૃત્તિઓનું પણ આયોજન સાયન્સ સિટી ખાતે કરવામાં આવ્યું છે.

ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી (ગુજકોસ્ટ) એ લોક વિજ્ઞાન કેન્દ્રો અને સાયન્સ કલબના માધ્યમ દ્વારા આ સંક્રમણ નિહાળવા 'સ્પોટ ધ સ્પોટ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

તદ્દુપરાંત વિજ્ઞાનના કોમ્યુનિકેટર્સ અને શિક્ષકો માટે રાજયકક્ષાનો તાલીમ કાર્યક્રમ રાજકોટ ખાતે તાલીખ ૧લી મે, ૨૦૧૬ના રોજ રાજકોટના લોકવિજ્ઞાન કેન્દ્ર ખાતે યોજાયેલ હતો. જેમાં ૧૦૦ થી પણ વધુ વિજ્ઞાનના કોમ્યુનિકેટર્સ અને શિક્ષકોએ ઉપસ્થિત તજજ્ઞો પાસેથી માહિતી મેળવી હતી.

આ સંદર્ભમાં વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ, ગુજરાત સરકારના, સચિવશ્રી ધનંજય દ્વિવેદી જણાવે છે કે વૈજ્ઞાનિકો આ સંક્રમણ પરથી તેઓને દૂર આવેલા તારાઓની કક્ષાઓની અંતરોનો અભ્યાસ કરવ માટેની ચાવીરુપ માહિતી (ડેટા) પૂરી પાડશે. બુધ સંક્રમણને પરિણામે વૈજ્ઞાનિકો અને માણસોને નવી માહિતી મળી રહેશે. આ અદ્વિતીય ખગોળીય ઘટના વિજ્ઞાન શિક્ષણ અને સંશોધન માટે જ્ઞાન પૂરું પાડશે. પ્રાથમિક થી કૉલેજ કક્ષા સુધી જુદા જુદા શૈક્ષણિક પ્રકલ્પો શરુ કરી જે વિદ્યાર્થીઓની સૂર્ય મંડળની સમજમાં વધારો કરશે. વૈજ્ઞાનિક જ્ઞાનનો વિકાસ થશે. અને સાથે સાથે હાલની વિજ્ઞાનની સરહદો માટે ક્ષિતિજો ખૂલશે.

આ કાર્યક્રમના પ્રચાર અને પ્રસાર માટે બાયસેગ (BISAG) દ્વારા વંદે ગુજરાત ચેનલ પર લાઈવ ટેલિકાસ્ટીંગ કરવામાં આવશે. જે ડીટીએચ પરથી ઘર બેઠા નિહાળી શકાશે.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
૧૯૨૦ લંડન
૧૨.૩૦, ૫.૧૫, ૭.૪૫
વન નાઈટ સ્ટેન્ડ (એ)
૩.૦૦, ૧૦.૧૫

**સ્ક્રીન-૩**
કૅપ્ટન અમેરિકા (૩ડી હિન્દી)
૧૦.૦૦, ૪.૦૦, ૧૦.૦૦
કૅપ્ટન અમેરિકા (૩ડી અંગ્રેજી)
૧૦.૦૦, ૭.૦૦

**સ્ક્રીન-૪**
બાગી
૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૯.૪૫

**સ્ક્રીન-૫**
ટ્રાફિક
૫.૧૫
વન નાઈટ સ્ટેન્ડ (એ)
૧૦.૦૦, ૧૨.૪૫, ૭.૩૦
૧૯૨૦ લંડન
૨.૪૫, ૧૦.૦૦

# અડાલજ સીએચસી ખાતે પીએમ રૂમમાં લાઈટ-પાણીની વ્યવસ્થા નથી...?

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર-અમદાવાદ માર્ગ પર અડાલજ ખાતે આવેલા પીએચસી સેન્ટર ખાતે કાર્યરત પીએમ રૂમમાં લાઈટ-પાણીની વ્યવસ્થા તંત્ર દ્વારા કરવામાં આવી નથી. સીએચસી ખાતે ફરજ બજાવતા અધિકારીઓને રાત્રીના સમયે પીએમ માટે મૃતદેહ આવે ત્યારે લાઈટની વ્યવસ્થા નથી તેમ કહીને ગાંધીનગર સિવિલ મોકલી આપે છે. જયારે ત્યાં કર્મચારીઓ હોવા છતા ગાંધીનગર હોસ્પિટલમાંથી કર્મચારીઓને બોલાવવામાં આવે છે.જયારે સર્વન્ટો હોવા છતા સફાઈ થતી નથી અને પીએમ રૂમ ગંદકીમાં ખદબદે છે.

તાજેતરમાં રાજય સરકારના આરોગ્ય વિભાગ દ્વારા તમામ સીએચસી અને પીએચસી સેન્ટર ખાતે મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરવામાં આવશે તે પ્રકારનો જીઆર બહાર પાડવામાં આવ્યો છે જેની તમામ

**અડાલજ પીએમ માટે મૃતદેહ આવે ત્યારે ગાંધીનગર હોસ્પિટલમાંથી કર્મચારીઓને બોલાવાય છે**

જિલ્લા પીએચસી અને સીએચસી ખાતે કરવામાં આવી છે તેમજ સેન્ટરમાં પોસ્ટમોર્ટમ ખાતે જરુરી સાધનો તેમજ લાઈટ -પાણીની વ્યવસ્થા તેમજ રૂમ ના હોય તો રૂમની પણ વ્યવસ્થા મેડીકલ અધિકારીને તાત્કાલીક કરવાની રહેશે તેમજ જરુરી ખર્ચ પણ સરકાર દ્વારા આપવામાં આવશે. તેમ છતા સીએચસી સેન્ટરના અધિકારીઓ જરૂરી સગવડો ઉપલ્બધ નહી કરીને પીએમ માટે હોસ્પિટલ ખાતે મોકલી આપે છે. જેને પગલે મૃતકોના સ્વજનને આમથી તેમ ધક્કા ખાવાનો વારો આવે છે. ત્યારે ગાંધીનગર નજીક અડાલજ સીએચસી સેન્ટરમાં લાઈટ-પાણીની વ્યવસ્થા નથી. અડાલજ વિસ્તારમાં હાઈવે હોવાથી માર્ગ અકસ્માતના બનાવો બનતા રહે છે. માર્ગ અકસ્માતમાં મોતને ભેટનાર મૃતકના સ્વજનને મૃતદેહ લઈને પીએમ માટે અડાલજ સીએચસી ખાતે લઈ જવાય છે પરંતુ લાઈટ-પાણીની વ્યવસ્થા ના હોવાથી રાત્રીના સમયે પીએમ કરવામાં આવતું નથી અને ગાંધીનગર હોસ્પિટલ મૃતદેહને પીએમ માટે મોકલી આપે છે. જયારે ગાંધીનગરથી કર્મચારીઓને પણ કેટલીકવાર અડાલજ પીએમ માટે જવાની ફરજ પડે છે. પીએમ રૂમમાં જરુરી સાધનો અને સગવડ તૈયાર કરવામાં આવે તેવું લોકો ઈચ્છી રહ્યા છે જેથી મૃતકના સ્વજનોને મૃતદેહ લઈ આમથી તેમ ભટકવું ના પડે. જયારે પીએમ રૂમમાં પણ યોગ્ય સફાઈ થતી નથી જેને પગલે પીએમ રૂમ ગંદકીમાં ખદબદે છે.

# ધોરણ-૯ અને ધોરણ-૧૧ના નાપાસ વિદ્યાર્થીઓની રિ-ટેસ્ટ લેવાનો નિર્ણય

## બોર્ડના નિર્ણયથી વિદ્યાર્થીઓનું વર્ષ બગડતું બચશે નાપાસ થાય તો નવો કોર્સ ભણવો પડશે

ધોરણ-૯ અને ધોરણ-૧૧માં રિ-ટેસ્ટમાં જે વિદ્યાર્થીઓ નાપાસ થશે તેમની સ્થિતિ વધુ કફોડી બનશે. નાપાસ થયેલા વિદ્યાથીઓને ધોરણ-૯ અને ધોરણ-૧૧માં નવા શૈક્ષણિક સત્રથી નવા અભ્યાસક્રમ આધારિત તૈયારી કરવી પડશે. આમ, નાપાસ થયેલા વિદ્યાથીઓને ફરીથી એકડો ઘુંટવો પડશે.

**● ૧૦ જૂન સુધીમાં રિ-ટેસ્ટ અને ૧૫મી જૂન સુધીમાં પરિણામ જાહેર કરવું પડશે**

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડે ધોરણ-૯ અને ધોરણ-૧૧માં નાપાસ થયેલા વિદ્યાથીઓને પાસ થવાની વધુ એક તક આપવાનો નિર્ણય લીધો છે. જૂન-૨૦૧૬ના શૈક્ષણિક સત્રથી ધોરણ-૯ અને ધોરણ-૧૧ સામાન્ય પ્રવાહમાં નવો અભ્યાસક્રમ અમલમાં આવતો હોઈ નાપાસ થયેલા વિદ્યાથીઓ જૂના અભ્યાસક્રમ આધારિત પરીક્ષા આપી શકે તે માટે બોર્ડે એક તક આપવાનું નક્કી કર્યુ છે. આ અંગે બોર્ડ દ્વારા તમામ સ્કૂલોને રિ-ટેસ્ટ યોજવા માટે આદેશ આપી દેવાયો છે. સ્કૂલોએ ૧૦ જૂન પહેલા રિ-ટેસ્ટ યોજવાની રહેશે અને તેનું પરિણામ ૧૫ જૂન સુધીમાં જાહેર કરવા માટે પણ તાકીદ કરાઈ છે.

રાજ્યમાં જૂન-૨૦૧૬થી ધોરણ-૯માં ગણિત, સંસ્કૃત, કમ્પ્યુટર તથા વિજ્ઞાન અને ટેકનોલોજી સિવાયના નવા પાઠ્યપુસ્તકો અમલમાં આવશે. આ ઉપરાંત ધોરણ-૧૧ સામાન્ય પ્રવાહમાં પણ નવા શૈક્ષણિક સત્રથી તમામ પાઠ્ય પુસ્તકો નવા અભ્યાસક્રમ આધારિત અમલમાં આવવાના છે. આ સંજોગોમાં ધોરણ-૯ અને ધોરણ-૧૧ સામાન્ય પ્રવાહની એપ્રિલ-૨૦૧૬માં લેવામાં આવેલી શાળાકીય વાર્ષિક પરીક્ષામાં નાપાસ થયેલા વિદ્યાથીઓને વધુ એક તક આપી રિ-ટેસ્ટ લેવી પડે.

બોર્ડ દ્વારા કારોબારી સમિતિના ઠરાવ અન્વયે શાળાકીય વાર્ષિક પરીક્ષામાં ધોરણ-૯ અને ૧૧માં નાપાસ થયેલા વિદ્યાથીઓને વધુ એક તક આપવાના આશયથી આવા વિદ્યાથીઓની રિ-ટેસ્ટ લેવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. ધોરણ-૯ અને ધોરણ-૧૧ના વિદ્યાર્થીઓની રિ-ટેસ્ટ જૂન માસમાં ૧૦ તારીખ સુધી પૂર્ણ થાય તે રીતે આયોજન કરવા આદેશ કર્યો છે. શાળામાં ધોરણ-૯ અને ધોરણ-૧૧માં નાપાસ થયેલા વિદ્યાથીઓ અને તેમના વાલીઓને આ અંગે જાણ કરવા પણ સ્કૂલોને તાકીદ કરાઈ છે. રિ-ટેસ્ટનું પરિણામ સ્કૂલોએ ૧૫ જૂન સુધીમાં વિદ્યાર્થીઓને મળી જાય તે રીતે જાહેર કરવાનું રહેશે. આ અંગે બોર્ડ દ્વારા પરિપત્ર કરી તમામ ડીઈઓને મોકલી દેવાયો છે અને ડીઈઓ દ્વારા સ્કૂલોને આ અંગે જાણ કરી દેવામાં આવી હોવાનું જાણવા મળે છે.

મૂળ પરીક્ષામાં નાપાસ થયા પછી રિ-ટેસ્ટના લીધે વિદ્યાથીઓનું વર્ષ બગડતું અટકી જશે. જો કે વિદ્યાથીઓને રિ-ટેસ્ટ પાસ કરવી પડશે. ધોરણ-૯ અને ધોરણ-૧૧માં નવો અભ્યાસક્રમ નાપાસ થયેલા વિદ્યાથીઓ માટે જીવતદાન બનીને આવ્યો હોવાનું જાણવા મળે છે.

# ૬૬ હજાર સરકારી ભરતી માટે યુવાનોને માર્ગદર્શન આપવાના કેમ્પ યોજવા આદેશ

ગાંધીનગર, તા.૮

રાજ્ય સરકાર દ્વારા આગામી દિવસોમાં સરકારના વિવિધ વિભાગોમાં ૬૬ હજારથી વધુ કર્મચારીઓની ભરતી કરવા માટે રાજ્યના યુવાન-યુવતીઓને આ ભરતી માટે લેવાનારી પરીક્ષાની પદ્ધતિ અંગે માર્ગદર્શન આપવા માટે દરેક જિલ્લામાં તાલીમ કેમ્પ યોજવામાં આવશે. આ કેમ્પ માટે જે તે જિલ્લાના કલેક્ટરે સરદાર પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ પબ્લિક એડમીનીસ્ટ્રેશન (સ્પીપા) સાથે સંકલન રાખીને સંવર્ગવાર પાંચ નિષ્ણાત સભ્યોની ટીમ બનાવવાનો આદેશ આપવામાં આવ્યો છે.

સામાન્ય વહીવટ વિભાગ દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલાં પરિપત્રમાં જણાવાયું છે કે, આ તાલીમ કેમ્પ માટે જિલ્લા કલેક્ટરના અધ્યક્ષસ્થાને ડીડીઓ, ડીએસપી અને રોજગાર અધિકારીની બનેલી એક સમિતિ બનાવવામાં આવશે. આ સમિતિ દ્વારા જે તે જિલ્લામાં એક દિવસ માટે તાલીમ કેમ્પનું આયોજન કરવાનું રહેશે. જેમાં સરકારમાં ફરજ બજાવીને નિવૃત્ત થયેલાં અધિકારીઓ-કર્મચારીઓને માનદ્ વેતન આપીને નિષ્ણાંતોની એક યાદી તૈયાર કરવાની રહેશે અને આ યાદી 'સ્પીપી'ને સુપરત કરવાની રહેશે. કલેક્ટરોને નિષ્ણાંતો નક્કી કરવા માટે ૧૫ દિવસનો સમય આપવામાં આવ્યો છે.

આદેશમાં જણાવાયું છે કે, દરેક જિલ્લામાં સંવર્ગવાર એક એક તાલીમ કેમ્પ યોજીને યુવાન-યુવતીઓને કારકુન, તલાટી સહિતની જે તે સંવર્ગની કામગીરી અને તે અંગેની પરીક્ષાની જાણકારી આપવાની રહેશે. જે તાલીમાથી સફળતાપૂર્વક પસાર કરે તેને પ્રોત્સાહનરૂપે કલેક્ટર દ્વારા પ્રશસ્તિપત્ર આપવામાં આવશે. દરમિયાન સ્પીપીને પણ માસ્ટર ટ્રેનર તૈયાર કરવા માટે આ ટ્રેનરોને ત્રણ દિવસની તાલીમ આપવા જણાવાયું છે.

# 'ઈશ કૃપા બિન ગુરુ નહિ, ગુરુ બિના નહિ જ્ઞાન

**સંવેદના**
**મારા ગુરુ ગૌરવશાળી**





મારા ગુરુ શ્રી બ્રહ્મનિષ્ઠ ગુલાબગિરી બાપુ. નાની ઉંમરમાં સાંન્યાસ લઈને આજીવન બ્રહ્મચારી રહીને સાચા સંચની પદવી પ્રાપ્ત કરી. આવા સંતને નમ્રભાવે કોટિ કોટિ વંદન છે.

મનુષ્યમાત્રને સાચા જ્ઞાનની, માર્ગદર્શનની જરૂર પડે છે, તે જ્ઞાન ગુરુ પાસેથી મળે છે.

વેદમાં કહ્યું છે, 'ઈશ કૃપા બિન ગુરુ નહિ, ગુરુ બિના નહિ જ્ઞાન, જ્ઞાન બિન આત્મા નહિ, ગા ગયે વેદ પુરાણ.'

સાચા ગુરુ જ આત્મજ્ઞાન આપી શકે છે, એમ વેદ અને સત શાસ્ત્રોમાં ઉલ્લેખ છે. પોતાના શિષ્યને પૂર્ણતા પ્રાપ્ત કરાવવા માટે પોતાનું સર્વ જ્ઞાન અર્પણ કરી દે છે. ગુરુએ આપેલા જ્ઞાનને આચરણમાં મૂકવાથી શિષ્ય પર આવેલ દુખો, સંકટો, ગુરુજી હરિ લે છે અને સાચું સુખ તથા શાંતિ અર્પે છે. આ મારો પોતાનો અનુભવ છે. માટે સાતા ગુરુની સેવા કરવી, તેમની પાસેથી જ્ઞાન મેળવી આચરણમાં મૂકવાથી ભીતરની શાંતિ મળે છે.

સંતોએ કહ્યું છે, પારસ ઔર સંતમેં બડા અંતરા જાન, વો લોહા કંચન કરે, વો કરે આપ સમાન.

પારસમણિ લોઢાને અડે તો લોઢું સોનાનું થાય પણ સોનું થયેલ લોઢું બીજા લોઢાને અડે તો સોનું થાય નહિ. પારસમણિ લોઢાને પોતાના જેવું બનાવી શકતું નથી. જ્યારે સંતો પોતાના શિષ્યને કાયમ શિષ્ય રાખતા નથી, તેઓ તેને પોતાના સમાન સંત બનાવી દે છે. મારા ગુરુ એવા જ છે, માટે ગૌરવશાળી છે.

**- દેવજીભાઈ ડી મકવાણા**
**પેથાપુર**

બે ગુરુઓએ મારા વિકાસમાં ખૂબ મોટો ફાળો આપ્યો છે.



એક હતાં શિક્ષિકા ખોરશેદબેન ઈલાબા કે જેમણે ધોરણ-૮થી મેટ્રિક સુધી મને શિક્ષણમાં સતત માર્ગદર્શન આપ્યું અને વિદ્યાર્થીઓએ જીવનમાં કેવી રીત વર્તવું, મર્યાદામાં કેવી રીતે રહેવું. અભ્યાસ ઉપરાંત મને જીવનમાં આગળ વધવા સતત પ્રોત્સાહિત કરી. મારા પરિવારમાં તો અભણ મા અને અભણ બહેન હતાં. મારું જીપીએસસીનું ફોર્મ પણ મારા ગુરુમાએ ભરેલું. આજે એમના આશિષથી પૅન્શનપાત્ર જીવન ગુજારી રહી છું. બીજા મારા ગુરુજી. પરમ પૂજ્ય રંગ અવધૂત ગુરુ મહારાજ. જેઓ હયાત હતા ત્યારે તેમના આશીર્વાદ અને માર્ગદર્શનથી હું આગળ વધી.

પૂ.પૂ. રંગ અવધૂત મહારાજે મારો અભ્યાસ ખૂબ નબળો હતો એટલે મને ગુજરાતી ટાઈપીંગમાં પ્રવીણ થવાની શીખ આપી અને સમજાવ્યું કે હું પ્રવીણ થઈ જઈશ તો મને સરકારી નોકરી જરૂર મળશે.

એમનાં વચનો પર શ્રદ્ધા રાખી ધોરણ-૮થી મૅટ્રીક સુધી મેં સતત ટાઈપ કર્યું અને મેટ્રીકમાં ટાઈપ વિષય સાથે પાસ થઈ અને જીસીસીમાં ૩૫ની સ્પીડનું પ્રમાણપત્ર પણ મેળવ્યું. જેવી મેટ્રીક પાસ થઈ અને ગુજરાત રાજ્યની ૧૯૬૦માં સ્થાપના થઈ કે પીએસસીમાં ઉત્તીર્ણ થઈ અને ગુજરાતી ટાઈપીસ્ટ તરીકે સરકારી નોકરી મળી. સરકારી નોકરી કરતાં-કરતાં ગુજરાતી સ્ટેનોગ્રાફરની ટ્રેનીંગ લઈ અંગત મદદનશી તરીકે ફરજ બજાવી. ત્યારબાદ ગ્રેડ-૧ની જીપીએસની પરીક્ષા પાસ કરી અંગત સચિવમાં ફરજ બજાવી અને નિવૃત્તિ પહેલાં વર્ગ-૧ અધિકારી તરીકે ફરજ બજાવી ૨૦૦૨માં નિવૃત્તિ લીધી.

હાલ ભલે મારા ગુરુજી હયાત નથી, પણ આજની તારીખમાં તેમનું માર્ગદર્શન મને મળતું રહે છે.

અત્યારે નિવૃત્તિ પછી તેમના આશીર્વાદથી 'વંદે માતરમ પરિવાર આનંદ ગરબા' મંડળ ચલાવું છું અને કૈલાસધામ વૃધ્ધાશ્રમમાં શક્ય એટલો સમય આપુ છું.

**- ભાનુમતી સુધાકર શાસ્ત્રી**
**સેક્ટર-૨૩**

સ્વ. શ્રી પંકજભઆઈ શાહ આમ તો મારા પપ્પા સાથે બૅન્કમાં એકાઉન્ટન્ટ હતા. તેમનો મુખ્ય વિષય એકાઉન્ટ હોવા છતાં અંગ્રેજી વિષય પર તેમની પકડ એટલી મજબૂત હતી કે અમારા ગામ કે તેની આસપાસના વિસ્તારમાં જ્યારે કોઈને પણ અંગ્રેજી પુસ્તકનું ગુજરાતીમાં ભાષાંતર જોઈએ તો તેમની પાસે પહોંચી જાય. અમે નાના એવા ગામમાં પ્રારંભિક શિક્ષણ સરકારી શાળામાં લીધું હોવાથી અંગ્રેજીમાં ગ્રામર જેવું પણ હોય તેનું જ્ઞાન જ નહોતું. નવમા ધોરણ સુધી તો ગ્રામર પણ ઘરેથી ગોખીને જતા. પછી ગમે તે પૂછાય પણ જવાબ તો ગોખેલો લખી દેવાનો. ત્યારબાદ દસમા ધોરણમાં આવતાં પંકજભાઈએ મને ટ્યુશન આપ્યું અને માત્ર એક જ વર્ષમાં ખૂબ જ સરળ રીતે અંગ્રેજી વિષય સમજાવ્યો ત્યારે લાગ્યું કે ખરેખર અંગ્રેજી ઘણા વિદ્યાર્થીઓને અંગ્રેજી ભણાવી શકી તેનો બધો જ શ્રેય હું મારા ગુરુ પંકજભાઈને આપુ છું. ઘણી નાની ઉંમરે સંસારમાંથી વિદાય લઈ લીધી પરંતુ મારા જેવા વિદ્યાર્થીઓના જીવન પર હંમેશા માટે પ્રભાવ મૂકી ગયા.

**- હિના જયેશ ગોહેલ**
**કુડાસણ**

# કોલેજોએ અંધ વિદ્યાર્થીઓ માટેના રાઈટરની યાદી તૈયાર કરવી પડશે

ગાંધીનગર, તા.૮

ગુજરાત યુનિવર્સિટી સાથે જોડાયેલી કોલેજોમાં હાલ ત્રીજા તબક્કાની પરીક્ષાનો પ્રારંભ થઈ રહ્યો છે. પરીક્ષામાં અચાનક અકસ્માતમાં ઘાયલ થયેલા અથવા તો હાથ-પગ ગુમાવનારા વિદ્યાથીઓ ઉપરાંત અંધ વિદ્યાથીઓને રાઈટર મેળવવામાં ભારે મુશ્કેલી નડી રહી છે. આ સ્થિતિ નિવારવા માટે હવે ગુજરાત યુનિવર્સિટી દ્વારા દરેક કોલેજોને પરિપત્ર મોકલીને આગામી પરીક્ષાઓમાં રાઈટર તરીકે રહી શકે તેવા વિદ્યાર્થીઓની યાદી તૈયાર કરવાની સૂચના આપવામાં આવી છે. આથી કોઈ વિદ્યાર્થીને રાઈટરની મુશ્કેલી સર્જાય તો રાઈટરની યાદીમાંથી કોઈપણ વિદ્યાર્થીને રાઈટર તરીકે બોલાવી શકાય.

ગુજરાત યુનિવર્સિટીની પરીક્ષામાં રાઈટર તરીકે કોને રાખી શકાય તેના નિયમો તૈયાર કરવામાં આવ્યા છે. જે વિદ્યાર્થી પરીક્ષા આપતો હોય તેના કરતાં નાનો અને ઓછું ભણેલા વિદ્યાર્થીઓને જ રાઈટર તરીકે પસંદગી આપવામાં આવતી હોય છે. તાજેતરમાં પૂરી થયેલી જુદી જુદી પરીક્ષાઓમાં ખાસ કરીને અંધ વિદ્યાર્થીઓને રાઈટર મેળવવામાં ભારે મુશ્કેલી નડી હતી. ભારે મહેનત અને શોધખોળ પછી જે વિદ્યાર્થીઓને રાઈટર તરીકે રાખ્યા હોય તેઓ છેલ્લી ઘડીએ જુદા જુદા કારણોસર રાઈટર તરીકે આવવા ઈન્કાર કરી દેતાં અંધ વિદ્યાર્થીઓની હાલત કફોડી બની હતી. કેટલીક કોલેજોએ આ સ્થિતિમાં વિદ્યાર્થીઓને ખાસ મદદ કરીને રાઈટર શોધી આપ્યા હતા. પરંતુ અન્ય કેટલીક કોલેજોમાં અંધ વિદ્યાથીઓએ ભારે હાલાકી ભોગવવી પડી હતી. માત્ર અંધ વિદ્યાર્થીઓ જ નહીં પરંતુ પરીક્ષા સમયે જ અચાનક એક્સિડન્ટમાં હાથે ઈજાઓ થઈ હોય તેવા વિદ્યાર્થીઓને પણ રાઈટર શોધવામાં મુશ્કેલી નડી હતી.

તાજેતરમાં ગુજરાત યુનિવર્સિટી દ્વારા એક પરિપત્ર દરેક કોલેજોનો મોકલી અપાયો છે. જેમાં એવી તાકીદ કરાઈ છે કે, કોલેજોએ અંધ વિદ્યાર્થીઓ માટે રાઈટર તરીકે કામ કરે અથવા તો સેવા આપે તેવા વિદ્યાથીઓની યાદી તૈયાર કરવાની રહેશે.